# એનેક્ષર–બી

(સામાન્ય વહીવટી વિભાગના તા.૩૧/૦૮/૨૦૦૭, તા.૦૧/૦૫/૨૦૦૯ અને તા.૦૮/૦૮/૨૦૧૨ ના પરિપત્ર ક્રમાંક : પીએડી – ૧૦–૨૦૦૭–૩૩૫૩૬૪–આરટીઆઈસેલ અને કુલસચિવશ્રીના પત્ર ક્રમાંક નં.નકૃયુ/રજી/અ.૩.૩/૪૩૭૧–૪૫૦/૨૦૧૫ તા.૦૬/૦૪/૨૦૧૫ અન્વયે)

## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, માહિતી અધિકાર અધિનિયમની કલમ–૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો (**Proactive Disclosure (PAD)**) અત્રેના સર્જરી અને રેડીયોલોજી વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે અને તે તા.૩૧/૦૩/૨૦૧૬ ની સ્થિતિ પ્રમાણે અદ્યતન કરવામાં આવેલ છે.

તા.૨૭/૦૪/૨૦૧૬

જાહેર માહિતી અધિકારીશ્રી અને
પ્રાધ્યાપક અને વડા
વેટરનરી સર્જરી અને રેડીયોલોજી વિભાગ
વેટરનરી કોલેજ, ન.કૃ.યુ.,નવસારી

અપીલ અધિકારી અને
આચાર્યશ્રી, વેટરનરી કોલેજ,
નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી
૨૮/૦૫/૧૬

**વેટરનરી સર્જરી અને રેડીયોલોજી વિભાગ, વેટરનરી કોલેજ, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી**
**માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ–૪(૧)(ખ) અન્વયે જાહેર સત્તામંડળ અધિકારીએ સ્વયં જાહેર કરવાની બાબતો – "Proactive Disclosure (PAD)"**

| | |
|---|---|
| ૧ | **પોતાના વ્યવસ્થા તંત્ર, કાર્યો અને ફરજોની વિગતો** |
| | આચાર્ય, વેટરનરી કોલેજ, ન.કૃ.યુ., નવસારીના કાર્યક્ષેત્ર હેઠળ વેટરનરી સર્જરી અને રેડીયોલોજી વિભાગ આવેલ છે. જેના મુખ્ય કાર્યોમાં વિષય અનુરૂપ સ્નાતક / અનુસ્નાતક શિક્ષણ, સંશોધન, વિસ્તરણ તથા કોલેજના પશુચિકિત્સાલય ખાતે આવતા પ્રાણીઓના શસ્ત્રક્રિયા સંબંધિ કેસોને સારવાર આપવાનું છે. |
| ૨ | **પોતાના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો** |
| | પોતાના હસ્તક આવેલા અધિકારી/કર્મચારીઓ ઉપર દેખરેખ રાખી યોગ્ય સમયે યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડવાનું હોય છે. તદ્ઉપરાંત તાંત્રીક સંવર્ગના અધિકારીઓએ વિષયને લગતું શિક્ષણ, સંશોધન, વિસ્તરણ તથા ચિકિત્સા સંબંધિત ફરજ બજાવવાની હોય છે. બિનતાંત્રિક કર્મચારીઓ વિભાગના સુચારૂ સંચાલન અને વહીવટી સરળતા સારૂ વહીવટી કાર્યો બજાવે છે. |
| ૩ | **દેખરેખ અને જવાબદારીઓના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતિ** |
| | પ્રાધ્યાપકની નીચેના સંવર્ગના અધિકારી/કર્મચારી તેમની ફરજમાં આવતા કાર્યો પ્રમાણે તેમજ વિભાગનું વ્યવસ્થાપન સૂચારૂપણે ચલાવવા કરેલી કામની વહેંચણીને ધ્યાને રાખી તે પ્રમાણેના મુસદ્દાઓ રજુ કરે છે. તેમાં ઉપલા અધિકારી જરૂરી માર્ગદર્શન પુરૂ પાડી પ્રાધ્યાપકની મંજૂરી અર્થે રજુ કરે છે. જો જરૂર જણાય તો પ્રાધ્યાપક ઉપલી કચેરીનો સંપર્ક કરી જરૂરી આદેશો/માર્ગદર્શન મેળવે છે. |
| ૪ | **પોતાના કાર્યો બજાવવા માટે પોતે નકકી કરેલ ધોરણો** |
| | યુનિવર્સિટીના નિયમો મુજબ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ અંગે અગાઉથી તૈયાર રૂપરેખા મુજબ કામગીરી કરવામાં આવે છે. જેમાં સ્નાતક / અનુસ્નાતક શિક્ષણ તેમજ સંશોધન, એગ્રેસ્કોમાં મંજૂર થયેલા સંશોધનો, કોલેજના પશુચિકિત્સાલય પર થતી કામગીરી, પશુપાલન વિભાગ, ગુજરાત રાજય દ્વારા યોજાતા પશુચિકિત્સા કેમ્પમાં હાજરી અને સારવાર, પશુચિકિત્સાલય તથા કેમ્પમાં આવતા પશુપાલકો સાથે માહિતીનું આદાન–પ્રદાન, વિસ્તરણ, નેચર કલબ, સુરત દ્વારા સંચાલીત Deer Breeding Farm, Vansada ખાતે મુલાકાત અને માર્ગદર્શન આપવા જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. તદ્ઉપરાંત અત્રેના વિભાગના નિષ્ણાંતો દ્વારા રાજયભરના પશુપાલકોને તેઓની જરૂરીયાત પ્રમાણેનું ટેલીફોનીક માર્ગદર્શન પણ પુરૂ પાડવામાં આવે છે. |
| ૫ | **પોતાના કાર્યો બજાવવા માટે પોતાની પાસેના અથવા પોતાના નિયંત્રણ હેઠળના અથવા પોતાના કર્મચારીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા નિયમો, વિનિયમો, સૂચનાઓ, નિયમ સંગ્રહો અને રેકર્ડ** |
| | વિભાગમાં સુચારૂ સંચાલન અને વહીવટી સરળતા ખાતર યુનિવર્સિટીના નિતિ–નિયમો, વિનિયમો, સૂચનાઓ ઉપરાંત વખતોવખત વિભાગમાં યોજવામાં આવતી મીટીંગોમાં નકકી થયા મુજબની કાર્યપ્રણાલિકા પ્રમાણે (કાર્યવાહી નોંધની નકલો સામેલ છે) કાર્યવાહી કરવામાં આવે છે. |
| ૬ | **પોતાની પાસે અથવા પોતાના નિયંત્રણ હેઠળ હોય તેવા દસ્તાવેજોના વર્ગોનું પત્રક** |
| | કોષ્ટક – અ અને બ માં વિભાગમાં નિભાવવામાં આવતા ફાઈલો તથા રજીસ્ટરોની વિગત સામેલ છે. |
| ૭ | **તેની નિતિ ઘડતરના અથવા તેના અમલીકરણના સબંધમાં જનતાના સભ્યો સાથે વિચાર–વિનિમય માટે અથવા તેમના દ્વારા રજૂઆત માટેની વિદ્યમાન કોઈ વ્યવસ્થાની વિગતો** |
| | સદર બાબત માટે કોલેજ અને યુનિવર્સિટી લેવલે યોજાતી જુદી જુદી મીટીંગો / એગ્રેસ્કો વગેરેમાં આ અંગેની કાર્યવાહી કરવામાં આવતી હોય છે. |
| ૮ | **તેના ભાગ તરીકે અથવા તેની સલાહના હેતુ માટે બે અથવા તેથી વધુ વ્યકિતઓના, બનેલા બોર્ડ, કાઉન્સિલો, સમિતિઓ અને બીજા મંડળોનું પત્રક અને તે બોર્ડ, કાઉન્સિલો, સમિતિઓ અને બીજા મંડળોની બેઠકો લોકો માટે ખુલ્લી છે કે કેમ? અથવા તેવી બેઠકોની કાર્યનોંધો લોકોને મળવાપાત્ર છે કે કેમ?** |
| | ઉપરોકત મુદ્દો અત્રેના વિભાગને લાગુ પડતો નથી. |
| ૯ | **તેના અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા** |
| | ઉપરોકત મુદ્દો અત્રેના વિભાગને લાગુ પડતો નથી. |

| | |
|---|---|
| **૧૦** | **તેના વિનિયમોમાં જોગવાઈ કર્યા પ્રમાણે વળતરની પધ્ધતિ સહિત તેના દરેક અધિકારીઓ અને કર્મચારીઓને મળતાં માસિક મહેનતાણા** |
| | ઉપરોકત મુદ્દો અત્રેના વિભાગને લાગુ પડતો નથી. |
| **૧૧** | **તમામ યોજનાઓ, સૂચિત ખર્ચ અને ચુકવેલા નાણા પરના અહેવાલોની વિગતો દર્શાવતી, તેની દરેક એજન્સીને ફાળવેલ અંદાજપત્ર** |
| | ઉપરોકત મુદ્દો અત્રેના વિભાગને લાગુ પડતો નથી. |
| **૧૨** | **ફાળવેલ રકમો સહિત સબસીડી કાર્યક્રમોની અમલબજવણીની રીત અને એવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો** |
| | ઉપરોકત મુદ્દો અત્રેના વિભાગને લાગુ પડતો નથી. |
| **૧૩** | **તેણે આપેલ છુટછાટો, પરવાનગીઓ અથવા અધિકૃતિઓ મેળવનારાની વિગતો** |
| | ઉપરોકત મુદ્દો અત્રેના વિભાગને લાગુ પડતો નથી. |
| **૧૪** | **ઈલેકટ્રોનીક સ્વરૂપમાં તેને ઉપલબ્ધ અથવા તેની પાસેની માહિતીને લગતી વિગતો** |
| | ઉપરોકત મુદ્દો અત્રેના વિભાગને લાગુ પડતો નથી. |
| **૧૫** | **જાહેર ઉપયોગ માટે નિભાવવામાં આવતા હોય, તેવા ગ્રંથાલય અથવા તેના વાચનકક્ષના કામકાજના કલાકો સહિતની માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સુવિધાઓની વિગતો** |
| | ઉપરોકત મુદ્દો અત્રેના વિભાગને લાગુ પડતો નથી. |
| **૧૬** | **જાહેર માહિતી અધિકારીઓના નામો, હોદ્દા અને બીજી વિગતો** |
| | માહિતી અધિકારીનું નામ : **ડૉ.વી. એસ. ડબાસ**<br>હોદ્દો : પ્રાધ્યાપક અને વડા<br>વેટરનરી સર્જરી અને રેડીયોલોજી વિભાગ,<br>વેટરનરી કોલેજ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી – ૩૯૬૪૫૦<br>ફોન નં. (૦૨૬૩૭) ૨૮૩ ૪૯૯ |
| **૧૭** | **ઠરાવવામાં આવે તેવી બીજી માહિતીઃ પ્રસિધ્ધ કરવી જોઈશે અને ત્યારપછી દર વર્ષે આ પ્રકાશનોને અધાવત કરવા જોઈશે** |
| | હા |

Vijay

જાહેર માહિતી અધિકારીશ્રી અને
પ્રાધ્યાપક અને વડા
વેટરનરી સર્જરી અને રેડીયોલોજી વિભાગ
વેટરનરી કોલેજ, ન.કૃ.યુ.,નવસારી

| અ.નં. | ફાઈલનું નામ | વર્ગ |
|---|---|---|
| ૧ | પરિપત્ર / હુકમ / કાર્યવાહી નોંધ ફાઈલ | ક |
| ૨ | અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓની અંગત ફાઈલ | ક |
| ૩ | ડેડસ્ટોક ખરીદીની ફાઈલ | ખ–૧ |
| ૪ | પરચુરણ ખરીદીની ફાઈલ | ગ |
| ૫ | આર.ટી.આઈ. ફાઈલ | ગ |
| ૬ | સામાન્ય પત્રવ્યવહારની ફાઈલ | ઘ |

| અ.નં. | રજીસ્ટરનું નામ | વર્ગ | અ.નં. | રજીસ્ટરનું નામ | વર્ગ |
|---|---|---|---|---|---|
| 1 | Deadstock Register | ક | 11 | Telephone Register | ગ |
| 2 | Consumable Register | ગ | 12 | Medicine Consumption Register | ઘ |
| 3 | C. L. Register | ગ | 13 | Medicine Stock Register | ઘ |
| 4 | Attendance(staff) Register | ગ | 14 | Rectified Spirit / Absolute Alcohol Register | ઘ |
| 5 | Petty Store Register | ખ–૧ | 15 | Local Sanction Register | ગ |
| 6 | Store Rojmel Register | ગ | 16 | Ascad Training Attendance Register | ઘ |
| 7 | Outward Register | ગ | 17 | Dept. Library Register | ક |
| 8 | Inward Register | ગ | 18 | Practical Manual Register | ગ |
| 9 | Rojamdar Register [Daily Wage] | ગ | 19 | Telephonic Inventory Register | ઘ |
| 10 | Stationery Register | ઘ | 20 | Miscellaneous Activity Register | ઘ |

જાહેર માહિતી અધિકારીશ્રી અને
પ્રાધ્યાપક અને વડા
વેટરનરી સર્જરી અને રેડીયોલોજી વિભાગ
વેટરનરી કોલેજ, ન.કૃ.યુ.,નવસારી

# :: કાર્યવાહી નોંધ ::

અત્રેના વિભાગનાં પી.જી. વિદ્યાર્થી શ્રી મેર પ્રદિપકુમાર ગોરધનભાઈ માટે સ્પેશીયલ કેસમાં Clinical Practice–II નો કોર્સ ઓફર કરવા, કેટલાક પી.જી. ટીચર્સ દ્વારા પ્રેકટીકલ કલાસીસ ન લેવાના મુદ્દે, અભ્યાસાર્થીઓના થીસીસ રીસર્ચ અંગે તેમજ કેટલાક અભ્યાસાર્થીઓ દ્વારા નાપાસ થવાને કારણે અથવા તો કોઈ અન્ય કારણોસર પોતાની ભૂલો/ખામીઓ છુપાવવા માટે અત્રેના શિક્ષકો ઉપર લગાડવામાં આવતા ખોટા આક્ષેપો બાબતે તા.૦૬/૦૧/૨૦૧૬ના રોજ ૧૬:૦૦ કલાકે નવસારી કૃષિ યુનિવર્સિટીના સર્જરી અને રેડીયોલોજી વિષયના શિક્ષકોની એક મીટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં નીચે જણાવેલ શિક્ષકોએ હાજરી આપેલી.

| | | | |
|---|---|---|---|
| (૧) | ર્ડા.વી.એસ.ડબાસ | પ્રાધ્યાપક અને વડા, સર્જરી વિભાગ | અધ્યક્ષ |
| (૨) | ર્ડા.જે.એન.મિસ્ત્રી | પ્રાધ્યાપક અને વડા, ટીવીસીસી વિભાગ | સભ્ય |
| (૩) | ર્ડા.એસ.આર.ચૌધરી | સહ સંશોધન નિયામક (વેટરનરી સાયન્સ) | સભ્ય |
| (૪) | ર્ડા.ડી.એન.સુથાર | મદદનીશ પ્રાધ્યાપક,સર્જરી વિભાગ | સભ્ય |
| (૫) | ર્ડા.એસ.કે.ઝાલા | મદદનીશ પ્રાધ્યાપક,સર્જરી વિભાગ | સભ્ય |
| (૬) | ર્ડા.આર.એચ.ભટ્ટ | મદદનીશ પ્રાધ્યાપક,સર્જરી વિભાગ | સભ્ય |

સૌ પ્રથમ અધ્યક્ષશ્રી દ્વારા સર્વેને આવકારી મીટીંગના હેતુઓની સંક્ષિપ્ત જાણકારી આપેલી અને ત્યારબાદ મુદ્દા પ્રમાણે કાર્યવાહી ચાલુ કરેલી. જેમાં ચર્ચા વિચારણા કરી સર્વ સંમતિથી નીચે પ્રમાણેના તારણો તારવવામાં આવ્યા.

(૧) માનનીય કુલપતિશ્રી, ન.કૃ.યુ.,નવસારીની ઓફીસમાં તા.૦૬/૦૧/૨૦૧૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે થયેલી મીટીંગમાં સંશોધન નિયામકશ્રી, કુલસચિવશ્રી, આચાર્યશ્રી, વેટરનરી કોલેજ અને પ્રાધ્યાપક અને વડા, સર્જરી વિભાગની હાજરીમાં જે મીટીંગ થયેલી તેમાં શ્રી પ્રદિપ મેર માટે સ્પેસીયલ કેસમાં **Clinical Practice–II** નો કોર્સ ચાલુ સેમેસ્ટરમાં ઓફર કરવાના સૂચનો માનનીય કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ હતા, તેવી જાણકારી ર્ડા.ડબાસ દ્વારા આપવામાં આવેલી. આમ, તો દરેક વિભાગમાં **odd-even Semester** માં ઓફર થતાં કોર્સીસ મુજબ કોઈ પણ એક કોર્સ વર્ષમાં એક જ વાર ઓફર થવું જોઈએ અને તેમ થાય તો જ **PG Regulations** નું મહત્વ રહે અને **PG Time Table** વ્યવસ્થિત રીતે ચાલી શકે, તેવું માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં થયેલી મીટીંગમાં હાજર તેટલા સર્વેનુ મંતવ્ય હતું તેવું પણ ર્ડા.ડબાસ દ્વારા જણાવેલ. તેમ છતાં, શ્રી પ્રદીપ મેર માટે સ્પેસીયલ કેસમાં ઉપરોકત કોર્ષ આ અગાઉ વર્ષ ૨૦૧૫–૧૬ના **Odd Semester** માં ઓફર થયેલ હોવા છતાં ફરીથી ઓફર કરવાના માનનીય કુલપતિશ્રીના સૂચનોનું પાલન કરતા વર્ષ ૨૦૧૫–૧૬ના **Even Semester** માટે નીચે મુજબના કોર્સ ઓફર કરવાનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

| Sr. | Course No. | Title of courses | Credit | Name of faculty |
|---|---|---|---|---|
| 1. | VSR 601 | Principles of surgery | 2+0=2 | Dr. J. N. Mistry |
| 2. | VSR 603 | Clinical practice – II | 0+3=3 | Dr. V. S. Dabas |
| 3. | VSR 605 | Large animal anaesthesia | 2+1=3 | Dr. S. K. Jhala |
| 4. | VSR 706 | Advances in diagnostic imaging techniques | 2+1=3 | Dr. S. R. Chaudhari |

તદઉપરાંત, **Course Curriculum** મુજબ **PG** અને **Ph.D.** ના કોર્સીસને **Odd-Even Semester** માં વર્ગીકૃત કરી વિભાગની વેબસાઈટ ઉપર મુકવાનું નકકી કરવામાં આવ્યું.

***(Action Taken : HoD, Surgery & Radiology)***

(૨) પી.જી. રેગ્યુલેશનમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરેલ હોવા છતાં વર્ષોથી સર્જરી અને રેડીયોલોજી વિષયના પી.જી. શિક્ષકો એવા ડાં.એન.એચ. કેલાવાલા અને ડાં.એસ.આર. ચૌધરી દ્વારા આજદિન સુધી કોઈ પણ કોર્સ માટે અત્રે આવી Skill Orientation Practicals લેવામાં આવેલ નથી અને અમુક શિક્ષકો સદર બાબતે અનિયમિતતા દાખવતા જોવા મળેલ છે. જેથી હવે પછીથી દરેક પી.જી. શિક્ષકે ફરજીયાત પણે પોતાના કોર્સના પ્રેકટીકલ ક્રેડીટસ માટે નિયમિતપણે Skill Orientation Practicals લેવાના રહેશે.

*(Action Taken : All PG Teachers of Surgery & Radiology)*

(૩) અભ્યાસાર્થીની પી.જી. રીસર્ચ સંપૂર્ણપણે તેમના મેજર ગાઈડની દેખરેખ હેઠળ જ થાય તે માટે અભ્યાસાર્થીની પી.જી. રીસર્ચને લગતાં દરેક કેસમાં તેમના મેજર ગાઈડની હાજરી ફરજીયાત હોવી જરૂરી રહેશે. જેથી સંશોધનની ગુણવત્તા જાળવી શકાય અને વિદ્યાર્થીઓ દ્વારા અન્ય શિક્ષકો વિરૂધ્ધ કરાતી આક્ષેપ બાજીને પણ ટાળી શકાય.

*(Action Taken : All Major Guides of Surgery & Radiology)*

(૪) ભૂતકાળમાં વારંવાર અનુભવાયેલ છે કે, કેટલાક અભ્યાસાર્થીઓ પોતાની ભૂલોને છુપાવવા અથવા તો નાપાસ થવાને કારણે અત્રેના શિક્ષકો ઉપર ભેદભાવ રાખવાના, માનસિક ત્રાસ આપવાના, હેરાનગતિ કરવા વગેરેના ખોટા આક્ષેપો બેફામ રીતે લગાડતા આવ્યા છે. જે શિક્ષણ ક્ષેત્રે ખુબ જ ગંભીર બાબત હોવાથી અગર હકીકતમાં આવો કોઈ બનાવ બને તો અભ્યાસાર્થીએ જે તે સમયે જ પુરાવા સાથે લેખિતમાં નીચે સહી કરનારને રજુઆત કરવાની રહેશે. જેથી સદર બાબતની સત્યતા તપાસી આગળની કાર્યવાહી હાથ ધરી શકાય. અન્યથા પાછળથી મનસ્વી રીતે કોઈ પણ પ્રકારના આવા ખોટા આક્ષેપોને ધ્યાને લેવામાં આવશે નહી અને અભ્યાસાર્થીની આવી ગુનાહિત પ્રવૃત્તિ માટે શિક્ષકની માન મર્યાદાની થયેલી હાનિ બદલ ક્રીમીનલ પ્રોસીજર ચાલુ કરવા માટેની ભલામણો કરવામાં આવશે. જે બાબતને હાલના તેમજ નવા દાખલ થતા દરેક અભ્યાસાર્થીને ધ્યાને લેખિતમાં લાવવાની રહેશે.

*(Action Taken : HoD, Surgery & Radiology)*

અંતે અધ્યક્ષશ્રી દ્વારા સર્વે સભ્યોનો આભાર માની મીટીંગ પૂર્ણ જાહેર કરવામાં આવી.

જા.નં.નકૃયુ/વીસીએન/સર્જરી/ ૩૨ /૧૬
તારીખ : ૦૮/૦૧/૨૦૧૬

પ્રાધ્યાપક અને વડા
સર્જરી અને રેડીયોલોજી વિભાગ
વેટરનરી કોલેજ,ન.કૃ.યુ., નવસારી

**<u>નકલ સવિનય રવાના જાણ સારૂ</u> :** *(મારફત : આચાર્યશ્રી,વેટરનરી કોલેજ, ન.કૃ.યુ.,નવસારી )*

(૧) સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, ન.કૃ.યુ.,નવસારી તરફ.
(૨) કુલસચિવશ્રી, ન.કૃ.યુ.,નવસારી તરફ.
(૩) માનનીય કુલપતિશ્રી, ન.કૃ.યુ.,નવસારીના રહસ્ય સચિવશ્રી તરફ.

**<u>નકલ રવાના જાણ તેમજ ઘટતું થવા સારૂ</u> :**

(૧) આચાર્યશ્રી,વેટરનરી કોલેજ, ન.કૃ.યુ.,નવસારી તરફ.
(૨) નવસારી કૃષિ યુનિવર્સિટીના સર્જરી અને રેડીયોલોજી વિષયના સર્વે શિક્ષકો તરફ.

# :: કાર્યવાહી નોંધ ::

અત્રેના સર્જરી અને રેડીયોલોજી વિભાગના અનુસ્નાતક વિદ્યાર્થી શ્રી મેર પ્રદિપકુમાર ગોરધનભાઈ દ્વારા મા. કુલપતિશ્રીને તા.૨૬/૧૧/૨૦૧૫ના રોજ કરેલી રજુઆત સંદર્ભે તા.૨૮/૧૨/૨૦૧૫ના રોજ બપોરે ૧૪.૩૦ કલાકે અત્રેના સંકુલના સર્જરી અને રેડીયોલોજીના શિક્ષકોની મળેલી બેઠકની કાર્યવાહી નોંધ નીચે મુજબ છે. જેમાં નીચેના સભ્યોએ હાજરી આપેલ છે.

| અ.નં. | અધ્યાપકશ્રીઓના નામ | હોદ્દો | સહી |
|---|---|---|---|
| (૧) | ડાં.વી.એસ.ડબાસ | અધ્યક્ષ | |
| (૨) | ડાં.જે.એન.મિસ્ત્રી | સભ્ય | |
| (૩) | ડાં.ડી.એન.સુથાર | સભ્ય | Dmutham, |
| (૪) | ડાં.આર.એચ.ભટ્ટ | સભ્ય | RBhatt |

મીટીંગની શરૂઆતમાં અધ્યક્ષશ્રી તરફથી મીટીંગમાં ઉપસ્થિત સર્વે સમક્ષ મીટીંગનો હેતુ સ્પષ્ટ કરવા નીચે મુજબના સાહિત્યને વંચાણે લીધા.

(૧) આચાર્યશ્રી, વેટરનરી કોલેજનો પત્ર ક્રમાંક નં.નકૃયુ/વીસીએન/પીએસ/૧૫૧–૧૫૨/૫૫૭–૫૮/૨૦૧૫, તા.૨૩/૧૨/૨૦૧૫.

(૨) શ્રી મેર પ્રદિપકુમાર ગોરધનભાઈનો મા.કુલપતિશ્રીને લખેલ તારીખ વગરનો પત્ર.

(૩) સંશોધન નિયામકશ્રીનો આચાર્યશ્રીને લખેલ પત્ર નં.નકૃયુ/સંનિ/એડીઆર/૧૩૦/૨૦૧૫, તા.૧૮/૧૨/૨૦૧૫.

(૪) N.A.U. PG Regulationsના મુદ્દા નં.૧.૩.૩ મુજબ "Course" તથા મુદ્દા નં.૫.૨(E) મુજબ System of Evaluation અંતર્ગત Teacher's responsibility ની વિગતો.

(૫) ICAR Course Curriculum મુજબ VSR-605 ના કોર્સની વિગતો.

(૬) TVCC વિભાગમાં નોંધાયેલ કેસ નં.૧૩૨૩/S-૪૩૮, તા.૨૦/૦૫/૨૦૧૫ની વિગતો.

(૭) નવેમ્બર–૨૦૧૪થી સર્જરી અને રેડીયોલોજી વિભાગમાં આવતા અભ્યાસાર્થીઓ/ કર્મચારીઓ/શિક્ષકો/ પશુપાલકોની વર્ણતુક બાબતે દરેક માસના અંતે કરવામાં આવેલા રોજકામ.

ત્યારબાદ અધ્યક્ષશ્રી દ્વારા સ્પષ્ટ કરેલ કે, ઉપરોકત વિષયમાં શિક્ષક તેમજ પરીક્ષક તરીકે તેઓ પોતે એટલે કે ડાં.વી.એસ.ડબાસે કામગીરી બજાવેલ હોઈ વિષયની તટસ્થ અને યોગ્ય સમીક્ષા સારૂ તેમજ દરેક બાબતે પારદર્શકતા જળવાઈ રહે તે માટે ડાં.જે.એન.મિસ્ત્રીને અધ્યક્ષ બનાવવામાં આવે. આમ, નીચે મુજબ સમિતીની પુનઃરચના કરવામાં આવી.

| અ.નં. | અધ્યાપકશ્રીઓના નામ | હોદ્દો |
|---|---|---|
| (૧) | ડૉ.જે.એન.મિસ્ત્રી | અધ્યક્ષ |
| (૨) | ડૉ.વી.એસ.ડબાસ | સભ્ય |
| (૩) | ડૉ.ડી.એન.સુથાર | સભ્ય |
| (૪) | ડૉ.આર.એચ.ભટ્ટ | સભ્ય |

ત્યારબાદ ઉપરોકત વંચાણે લીધેલ સાહિત્યને ધ્યાને લઈ મીટીંગમાં ઉપસ્થિત સર્વે દ્વારા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી નીચે મુજબના તારણો તારવવામાં આવ્યા.

(૧) શ્રી પ્રદિપકુમાર મેરની VSR-605 ની પરીક્ષા સબબ સંલગ્ન વિભાગમાં ઉપલબ્ધ ઉત્તરવહીઓના અસલ રેકર્ડ (**Theory:** First Hourly Exam, Second Hourly Exam, Assignment; **Practical:** Hourly Exam & Semester End Exam) ની ફેરચકાસણી કરતાં યોગ્ય માલુમ પડેલ છે.

(૨) અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓના સર્જરીના વિષયોમાં લેવાતી રોજીંદી પરીક્ષા માટે જે તે દિવસની પરીક્ષામાં હાજર વિદ્યાર્થીઓમાં Random Distribution મુજબ નવા નોંધાયેલા કેસોના રોગ નિદાન અને સારવાર સારૂ વિદ્યાર્થીની તજજ્ઞતા કેટલી છે તેને તપાસવા માટે પરીક્ષક પ્રાયોગીક પરીક્ષણ લેતા હોય છે. જે વિદ્યાર્થીમાં સર્વાંગી વિકાસનો અવકાશ રહે તે માટે સ્વીકારેલ એક સામાન્ય પ્રક્રિયા છે. કારણ કે, અભ્યાસાર્થીઓને અત્રેના શિક્ષકો દ્વારા સમગ્ર સત્ર દરમ્યાન વિવિધ જાનવરોમાં જોવા મળતા શસ્ત્રક્રિયાને લગતા જુદા–જુદા રોગોથી શિક્ષિત કરવામાં આવતા જ હોય છે. તેથી જ, શ્રી મેર પ્રદિપકુમારની VSR-605 ની પ્રેકટીકલ પરીક્ષા માટે અપાયેલ કાચબાનો કેસ તેમના સત્ર દરમ્યાન તેમને અપાયેલ શિક્ષણ અને Skill Orientation Practicals ને ધ્યાને રાખીને આપવામાં આવેલ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, કાચબાના સદરહું કેસમાં શ્રી મેર દ્વારા કાચબાના પગમાં થયેલા ગુમડાના લક્ષણો જોઈ તેનું નિદાન કરી શું સારવાર કરવાની જરૂરીયાત છે તે મુજબ જવાબ લખવાનો હતો, નહી કે, કાચબાને એનેસ્થેસીયા આપવાનું હતું. કેમ કે, એનેસ્થેશીયા આપવાની રીત, ડોઝ, પ્રકાર વગેરે જુદા જુદા પ્રાણીઓમાં અલગ–અલગ હોય છે. પરંતુ, ગુમડાના લક્ષણો, નિદાન અને સારવાર દરેક પ્રાણીમાં એક સમાન જ હોય છે. આમ, વિદ્યાર્થી દ્વારા વિષય શિક્ષક ઉપર ઈરાદાપૂર્વક નાપાસ કરવાના જે આક્ષેપ મૂકેલા છે, તે સત્યથી વેગળા અને તથ્ય વિહોણા હોવાનું સ્પષ્ટ થાય છે.

(૩) વધુમાં શ્રી પ્રદિપકુમાર મેર દ્વારા વિષય શિક્ષક ઉપર લગાડેલ ભેદભાવ અને માનસિક ત્રાસના આક્ષેપો માટે તેમની રજૂઆત સાથે કોઈ પુરાવા સામેલ નથી. જેથી, જો સદર બાબતના કોઈ સચોટ પુરાવા વિદ્યાર્થી દ્વારા આપવામાં આવેલ હોત તો આ અંગે સઘન વિચારણા કરી યોગ્ય કાર્યવાહીની ભલામણ કરી શકાઈ હોત. પરંતુ, હવે જયારે શ્રી મેર પ્રદિપકુમાર દ્વારા વિષય પ્રાધ્યાપક ઉપર મૂકેલા આક્ષેપો માટે યોગ્ય પુરાવા અપાયેલ નથી ત્યારે તેમના દ્વારા એક શિક્ષકની ખોટી રીતે ખોટા આક્ષેપો થકી કરેલી માનહાનીના ગંભીર કૃત્ય બદલ તેમની સામે નિયમોનુસારની શિક્ષાત્મક કાર્યવાહી તાત્કાલિક કરવા અત્રેથી ભલામણ છે. અન્યથા ભવિષ્યમાં કોઈ પણ વિષયમાં નાપાસ થયેલો વિદ્યાર્થી પોતાની નબળાઈ છુપાવવાના ઈરાદે આવી નિમ્ન કક્ષાની હરકતોથી શિક્ષકો અને સંસ્થાને બદનામ કરવામાં પાછીપાની નહી કરે. જેથી આવી હરકતોના

ફળસ્વરૂપે સારા, મહેનતું અને પારદર્શક શિક્ષકોને માનસિક તણાવ અને ડર હેઠળ પોતાની ફરજ બજાવવી પડશે તેમ જણાય છે. જે એક શૈક્ષણિક સંસ્થાના હિતમાં કદાપી યોગ્ય નથી, તેવું સર્વેનું માનવું છે. અને તે માટે જ શ્રી મેર પ્રદિપકુમાર દ્વારા વિષય પ્રાધ્યાપક ઉપર ખોટી રીતે મૂકેલા આક્ષેપોથી થયેલી માનહાનીના ગંભીર કૃત્ય બદલ તેમની સામે નિયમોનુસારની શિક્ષાત્મક કાર્યવાહી કરવાની જરૂરીયાત રહેલી છે.

(૪) તદઉપરાંત, અત્રેના સર્જરી અને રેડીયોલોજી વિભાગના છેલ્લા એક વર્ષથી દરેક માસના અંતે થતા રોજકામ મુજબ શ્રી પ્રદિપકુમાર મેર દ્વારા કોઈ શિક્ષક કે કોઈ અન્ય વ્યકિત દ્વારા રખાતા ભેદભાવ અને માનસિક ત્રાસની લેખિત/મૌખિક ફરીયાદ કરવામાં આવેલ નથી. ઊલટાનું, શ્રી પ્રદિપકુમાર મેર દ્વારા ભૂતકાળમાં ટીવીસીસી વિભાગના અધ્યાપીકા શ્રીમતિ પુષ્પાબેન રાઠોડની સાથે ગેરવર્ણતુંક કરવામાં આવેલ હતી. જેની જાણ પ્રાધ્યાપક અને વડા, ટીવીસીસી વિભાગ દ્વારા શ્રી પ્રદિપકુમાર મેરના મેજર એડવાઈઝર તથા આચાર્યશ્રી, વેટરનરી કોલેજને પત્ર ક્રમાંક નં.નકૃયુ/વીસીએન/ટીવીસીસી/૬૬૩–૬૫/૧૫, તા.૦૯/૧૦/૧૫ દ્વારા કરવામાં આવેલ હતી. જે ઘટના વિદ્યાર્થીનું આચરણ તથા સ્વભાવને અનુમોદિત કરે છે.

તારીખ : ૨૯/૧૨/૨૦૧૫

અધ્યક્ષ અને પ્રાધ્યાપકશ્રી
ટીવીસીસી વિભાગ
વેટરનરી કોલેજ,નકૃયુ, નવસારી

જા.નં.નકૃયુ/વીસીએન/સર્જરી/ ૬૯૩–૬૯૪ /૧૫
તારીખ : ૨૯/૧૨/૨૦૧૫

પ્રાધ્યાપક અને વડા
સર્જરી અને રેડીયોલોજી વિભાગ
વેટરનરી કોલેજ, નકૃયુ, નવસારી

**<u>નકલ રવાના</u> :**

– પ્રાધ્યાપક અને વડા, ટીવીસીસી વિભાગ,વેટરનરી કોલેજ, ન.કૃ.યુ., નવસારી તરફ

## :: કાર્યવાહી નોંધ ::

તા.૧૭/૧૨/૨૦૧૫ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે સર્જરી અને રેડીયોલોજી વિભાગની મળેલ બેઠકની કાર્યવાહી નોંધ. જેમાં નીચે મુજબના સભ્યો હાજર રહેલ.

| | | |
|---|---|---|
| (૧) ડૉ. વી. એસ. ડબાસ | (૨) ડૉ. એસ. કે. ઝાલા | (૩) ડૉ. ડી. એન. સુથાર |
| (૪) ડૉ. આર. એચ. ભટ્ટ | (૫) શ્રીમતિ દિપાલી રાવલ | (૬) શ્રી દેવેન્દ્રકુમાર રાણા |
| (૭) શ્રી એ.જી.બારડ | | |

બેઠકની શરૂઆતના પ્રાસંગીક સંબોધનમાં ડૉ.વી.એસ.ડબાસે સર્વેને આવકારી વિભાગની કામગીરી સંતોષપૂર્વક ચાલતી હોવાથી અભિનંદન આપ્યા. ત્યારબાદ ડૉ.આર.એચ.ભટ્ટ દ્વારા તા.૨૬/૦૮/૨૦૧૫ના રોજ યોજાયેલ વિભાગીય મીટીંગનો Action Taken Report રજૂ કરવામાં આવ્યો અને તે અંગેની કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવી. બાદમાં નીચેના મુદ્દાઓ પર સર્વસંમતિ સાધવામાં આવી.

૪.૧ છેલ્લા કેટલાક સમયથી અત્રેના સર્જરી અને રેડીયોલોજી વિભાગ દ્વારા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની શકય તેટલી ગુણવત્તા સુધારવા માટે અભ્યાસાર્થીઓ અને શિક્ષકો સમયાંતરે ચર્ચાઓ/મીટીંગો કરી નવીનતમ અભિગમો અપનાવતા આવ્યા છે. જેમાં આ અગાઉના વિભાગીય મીટીંગોની કાર્યવાહી નોંધોના નીચે મુજબના મુદાઓનો ખાસ સમાવેશ થાય છે.

| અ.નં. | મીટીંગની તારીખ અને સમય | મુદા નં. |
|---|---|---|
| (૧) | તા.૧૧/૧૧/૨૦૧૪, ૧૫.૦૦ કલાકે | ૧.૨, ૧.૧૦(આંશીક), ૧.૧૧, ૧.૧૨ |
| (૨) | તા.૦૬/૦૪/૨૦૧૫, ૧૪.૩૦ કલાકે | ૨ અને ૩ |
| (૩) | તા.૦૬/૦૪/૨૦૧૫, ૧૬.૦૦ કલાકે | ૨ |
| (૪) | તા.૦૯/૦૪/૨૦૧૫, ૧૪.૩૦ કલાકે | ૨.૧ અને ૨.૨ |

પરંતુ, સદરહું બાબતે ભૂતકાળમાં તા.૦૪/૧૧/૨૦૧૫ના રોજ ડૉ.એન.એચ.કેલાવાલા, આચાર્યશ્રી, વેટરનરી કોલેજ, ન.કૃ.યુ.,નવસારીના માર્ગદર્શન હેઠળ પી.જી. કરતા વિદ્યાર્થી શ્રી પ્રદીપ મેર દ્વારા ઉપરોકત મુદાઓ પૈકી તા.૧૧/૧૧/૨૦૧૪ના રોજ મળેલી મીટીંગના મુદા નં.૨ થી નકકી કરેલી કાર્યપધ્ધતિની અવગણના કરી વિભાગમાં એક પણ રીહર્સલ આપ્યા વગર સીધેસીધું તેમનું ક્રેડીટ સેમીનાર આપવાનું નકકી કરેલ હતું. જે અનિયમીતતા અંગે જયારે ડૉ.વી.એસ. ડબાસ, પ્રાધ્યાપક અને વડા, સર્જરી વિભાગ દ્વારા શ્રી પ્રદીપ મેરના મેજર ગાઈડ ડૉ.કેલાવાલાનું ધ્યાન દોરેલ ત્યારે ડૉ.કેલાવાલાએ જણાવેલ કે PG Regulationsમાં આવો કોઈ જ ઉલ્લેખ નથી અને શ્રી પ્રદીપ મેર તેમનો સેમીનાર આપી શકે છે. જેથી ઉપરોકત બાબતની ગંભીરતાને ધ્યાને લઈ અત્રેથી આચાર્યશ્રી, વેટરનરી કોલેજને તા.૦૫/૧૧/૨૦૧૫ના પત્ર ક્રમાંક : નકૃયુ/વીસીએન/સર્જરી/૬૨૪/૧૫થી સઘળી હકીકતો જણાવેલ હતી.

આમ, સદરહું પત્ર વંચાણે લેતાં ઉપર દર્શાવેલ તારીખોમાં થયેલી મીટીંગોની કાર્યવાહી નોંધોના મુદ્દાઓની સમીક્ષા કરતાં સર્વાનુમત્તે નકકી કરવામાં આવેલ કે,"**યુનિવર્સિટી પાસે જયારે UG/PG Regulations છે જ ત્યારે અત્રેના વિભાગની જુદી–જુદી મીટીંગોમાં શિક્ષણ સુધારણા માટેના પ્રયાસોના ભાગરૂપે નકકી કરાયેલા ઉપર મુજબના દરેક મુદ્દાઓને હવે પછીથી ધ્યાને લીધા વગર શિક્ષણ તેમજ અન્ય કામગીરી અર્થે UG/PG Regulations ને વળગી રહીને જ કાર્યવાહી કરવી.**" જેનું દરેકે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

*(Action Taken: All Teachers of the dept.)*

૪.૨ આ અગાઉની મીટીંગોમાં નકકી કર્યા મુજબ અત્રેના વિભાગમાં ચાલતા સ્નાતક કક્ષાના કોર્સીસના પ્રેકટીકલ માટે પ્રેકટીકલ દીઠ જે ખૂબ જ સારી ppt પ્રેઝન્ટેશન તૈયાર કરેલ છે તેવી જ પ્રકારની ppt પ્રેઝન્ટેશન દરેક કોર્સના થીયરીનાં લેકચર માટે આવતા ત્રણ મહીનામાં અચૂક તૈયાર કરવાની રહેશે.

*(Action Taken: Dr.D.N.Suthar, Dr.R.H.Bhatt, Dr.S.K.Jhala)*

જા.નં.નકૃયુ/વીસીએન/સર્જરી/ ૬૮૭ /૧૫
તારીખ : ૧૯/૧૨/૨૦૧૫

પ્રાધ્યાપક અને વડા
સર્જરી અને રેડીયોલોજી વિભાગ
વેટરનરી કોલેજ, નકૃયુ, નવસારી

<u>નકલ રવાના</u> :

(૧) આચાર્યશ્રી, વેટરનરી કોલેજ, ન.કૃ.યુ.,નવસારી તરફ જાણ સારૂ
(૨) પ્રાધ્યાપક અને વડા, ટીવીસીસી/મેડીસીન/ગાયનેકોલોજી વિભાગ, વેટરનરી કોલેજ, ન.કૃ.યુ.,નવસારી તરફ જાણ સારૂ

# :: કાર્યવાહી નોંધ ::

તા.૨૬/૦૮/૨૦૧૫ના રોજ બપોરે ૧૪.૩૦ કલાકે સર્જરી અને રેડીયોલોજી વિભાગની મળેલ બેઠકની કાર્યવાહી નોંધ બેઠકમાં નીચેના સભ્યોએ હાજરી આપેલ.

| | | |
|---|---|---|
| (૧) ડૉ. વી. એસ. ડબાસ | (૩) ડૉ. ડી. એન. સુથાર | (૫) શ્રીમતિ દિપાલી રાવલ |
| (૨) ડૉ. એસ. કે. ઝાલા | (૪) ડૉ. આર. એચ. ભટ્ટ | (૬) શ્રી દેવેન્દ્રકુમાર રાણા |

બેઠકની શરૂઆતના પ્રાસંગીક સંબોધનમાં ડૉ.વી.એસ.ડબાસે સર્વેને આવકારી વિભાગની કામગીરી સંતોષપૂર્વક ચાલતી હોવાથી અભિનંદન આપ્યા. ત્યારબાદ ડૉ.આર.એચ.ભટ્ટ દ્વારા તા.૦૯/૦૪/૨૦૧૫ના રોજ યોજાયેલ વિભાગીય મીટીંગનો Action Taken Report રજૂ કરવામાં આવ્યો અને તે અંગેની કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવી. બાદમાં નીચેના મુદ્દાઓ પર સર્વસંમતિ સાધવામાં આવી.

૩.૧ વિભાગમાં નીભાવવામાં આવતા રજીસ્ટર, ફાઈલો તેમજ અન્ય સાહિત્યને સલામતી અને સાચવણી માટે લોકમાં રાખવાનું નકિક કરવામાં આવ્યું. જેથી તેના ગુમ થવાની શકયતાને નિવારી શકાય. તેમ છતાં આવો કોઈ પ્રસંગ બને તો તે અંગેનું રોજકામ તાત્કાલિક કરી જરૂરી ઘટતી કાર્યવાહી માટે આચાર્યશ્રી, વેટરનરી કોલેજને જાણ કરવાનુ નકિક કરવામાં આવ્યુ.

૩.૨ કિલનીકલ વિભાગોમાં જયાં ખરેખર જાનવરો આવતા હોય છે ત્યાં એનીમલ એટેન્ડન્ટની જરૂરીયાત ખૂબ વધારે હોય છે. તદ્ઉપરાંત સર્જરી વિભાગમાં રોજીંદા ઓપરેશનો ચાલતા હોવાથી ઓપરેશન પહેલા અને ઓપરેશન બાદ તે અંગેની દરેક બાબતને લગતી સાફસફાઈ સારૂ એનીમલ એટેન્ડન્ટની કાયમી ધોરણે જરૂરીયાત રહેલી છે. પરંતુ વિભાગમાં કાર્યરત કાયમી એટેન્ડન્ટની હાલમાં જ બદલી કરી દેવામાં આવેલ હોવાથી ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. વળી, કોલેજમાં એવા કેટલાય વિભાગો છે જેમાં એનીમલને લગતી કોઈ જ કામગીરી ન હોવા છતાં કાયમી ધોરણે ભરતી કરેલા એનીમલ એટેન્ડન્ટસને રાખેલા છે. આવા સંજોગોમાં છેલ્લા કેટલાક સમયથી અત્રેના વિભાગમાં ઉપરોકત કામગીરી માટે કાં તો રોજ મજૂર આવવા તૈયાર નથી થતાં અને જો આવે છે તો જેમ તેમ કરીને તેમને આવી કામગીરીની સમજ અને શિખામણ આપ્યાના ટુંક સમયમાં તેઓ આવવાનું બંધ કરે છે અને અત્રેના વિભાગની કામગીરી ખોરંભે પડે છે. ઉપરોકત તકલીફો વિષયે આ અગાઉ પણ આચાર્યશ્રી, વેટરનરી કોલેજને જાણ કરી કાયમી નિવારણ માટે એટેન્ડન્ટની વારંવાર માંગણી કરેલી છે જ, પરંતુ તે અંગેનો નિરાકરણ આજ દિન સુધી ન આવતા તેમજ ઉપરોકત દરેક તથ્યોને ધ્યાને રાખી આચાર્યશ્રી, વેટરનરી કોલેજ પાસે અગ્રીમતાના ધોરણે કાયમી એનીમલ એટેન્ડન્ટને ફાળવી આપવા ફરી રજૂઆત કરવાનું નકિક કરવામાં આવ્યું.

અંતમાં ડૉ.ભટ્ટ દ્વારા સૌનો આભાર માની મીટીંગની પૂર્ણાહુતિ કરવામાં આવી.

જા.નં.નકૃયુ/વીસીએન/સર્જરી/ ૫૦૧–૫૦૨/૧૫
તારીખ : ૨૪/૦૯/૨૦૧૫

પ્રાધ્યાપક અને વડા
સર્જરી અને રેડીયોલોજી વિભાગ
વેટરનરી કોલેજ, નકૃયુ, નવસારી

**નકલ રવાના :**

(૧) આચાર્યશ્રી, વેટરનરી કોલેજ, ન.કૃ.યુ.,નવસારી તરફ જાણ સારૂ
(૨) પ્રાધ્યાપક અને વડા, ટીવીસીસી વિભાગ, વેટરનરી કોલેજ, ન.કૃ.યુ.,નવસારી તરફ જાણ સારૂ

## :: કાર્યવાહી નોંધ ::

અત્રેના સર્જરી અને રેડીયોલોજી વિભાગમાં આજ રોજ તા.૧૧/૦૫/૨૦૧૫ ના રોજ ૧૧:૦૦ કલાકે વિભાગમાં રહેલ Large Animal Operation Table ના ઉપયોગ તેમજ TVCC વિભાગમાં ખરીદાયેલ ત્રણ Air Conditioner ના Installation બાબતની ચર્ચા થયેલ. જેમાં નીચેના શિક્ષકોએ હાજરી આપેલી અને નીચે મુજબના મુદ્દાઓ ઉપર સર્વાનુમત્તે સંમતિ થયેલ.

| અ.નં. | અધિકારીશ્રીઓના નામ | હોદો | | સહી |
|---|---|---|---|---|
| (૧) | ડૉ.વી.એસ.ડબાસ | પ્રાધ્યાપક અને વડા | અધ્યક્ષ | |
| (૨) | ડૉ.ડી.એન.સુથાર | મદદનીશ પ્રાધ્યાપક | સભ્ય | |
| (૩) | ડૉ.એસ.કે.ઝાલા | મદદનીશ પ્રાધ્યાપક | સભ્ય | |
| (૪) | ડૉ.આર.એચ.ભટ્ટ | મદદનીશ પ્રાધ્યાપક | સભ્ય | RHBhatt |

(૧) **Large Animal Operation Table ના ઉપયોગ બાબત :–**

Large Animal Operation Table નો ઉપયોગ ફકત અને ફકત Hoist લગાડયા પછી જ શરૂ કરી શકાય તેમ છે અને જો તેમ ન કરીએ તો Table ની અંદર રહેલ Hydraulic Systemને નુકસાન થવાની સંભાવના રહેલી છે તેમજ મશીનના જુદા–જુદા પેડ વચ્ચે રહેલી જગ્યામાં જો જાનવરનો પગ કે શિંગડું વગેરે ફસાઈ જાય તો તેને ઈજા થવાની સ્પષ્ટ સંભાવના રહેલી છે. તદઉપરાંત સદરહું ટેબલની સાઈઝ જાનવરની સાઈઝની કટોકટ હોવાથી અને ચારે બાજુ વધારાની જગ્યા ન હોવાથી જાનવરને ટેબલ પર પાડયા પછી Sedationની હાલતમાં જાનવર અણધાર્યુ જોર મારી હલનચલન કરે તો ઉપરોકત ટેબલ ઉપરથી પલ્ટી મારીને નીચે પટકાઈ જવાની પૂરેપૂરી સંભાવના રહેલી છે અને જો ઉપરોકત દુર્ઘટના થાય તો જાનવરને તેમજ જાનવરને કાબુમાં રાખનાર વ્યકિતઓને તેમજ ફરજ પરના સર્જન/પશુચિકિત્સકને પણ ઈજા થવાની સંભાવના રહેલી છે. જેથી સદરહું Large Animal Operation Table નો ઉપયોગ Hoist fitting બાદ જ ફકત અને ફકત સંપુર્ણપણે બેભાન કરેલા જાનવરો (ગાય, ભેંસ, ઘોડા વગેરે) માં જ કરી શકાશે, તેવું સર્વાનુમત્તે નકકી કરવામાં આવેલ.

(૨) **TVCC વિભાગમાં ખરીદાયેલ AC ના સર્જરી વિભાગમાં Installation બાબત :–**

TVCC વિભાગમાં ખરીદેલ ૩(ત્રણ) AC ને માનનીય કુલપતિશ્રીની રીમાર્કસ મુજબ સર્જરી વિભાગના જુદા–જુદા Operation Theatre અને કિંમતી સાધનોની સાંચવણી–જાળવણી માટે ઉપયોગમાં લેવાના છે. જેથી હાલમાં અત્રેના વિભાગમાં ઉપલબ્ધ જગ્યા તેમજ સાધનોની સાચવણી અંગેની માર્ગદર્શિકા પ્રમાણે અને Operation Theatresની દરેક બાબતોને ધ્યાને રાખી સવિસ્તાર ચર્ચાને અંતે નકકી કરવામાં આવેલ કે, સદરહું ત્રણ AC પૈકીના એકને Orthopaedic Operation Theatreમાં, બીજાને Soft Tissue cum ophthalmic surgery roomમાં અને ત્રીજાને Professor & Head ના રૂમમાં Computerized Radiography Unit ને Install કરાવવાનું સર્વાનુમત્તે નકકી કરેલ હોવાથી જે તે રૂમોમાં ફીટ કરવાના રહે છે.

જા.નં.નકૃયુ/વીસીએન/સર્જરી/ ૨૨૫ /૧૫
તારીખ : ૧૨/૦૫/૨૦૧૫

પ્રાધ્યાપક અને વડા
સર્જરી અને રેડીયોલોજી વિભાગ
વેટરનરી કોલેજ, નકૃયુ, નવસારી

# :: કાર્યવાહી નોંધ ::

તા.૦૯/૦૪/૨૦૧૫ ના રોજ બપોરે ૧૪.૩૦ કલાકે સર્જરી અને રેડિયોલોજી વિભાગની મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

બેઠકમાં નીચેના સભ્યોએ હાજરી આપેલ.

| અ.નં. | અધિકારીશ્રી/કર્મચારીઓના નામ | હોદો |
|---|---|---|
| (૧) | ડૉ.વી.એસ.ડબાસ | અધ્યક્ષ |
| (૨) | ડૉ.ડી.એન.સુથાર | સભ્ય |
| (૩) | ડૉ.એસ.કે.ઝાલા | સભ્ય |
| (૪) | ડૉ.આર.એચ.ભટ્ટ | સભ્ય |
| (૫) | શ્રીમતિ દિપાલી રાવલ | સભ્ય |
| (૬) | શ્રી ડી. આર. રાણા | સભ્ય |

બેઠકની શરૂઆતના પ્રાસંગીક સંબોધનમાં ડૉ.વી.એસ.ડબાસે સર્વેને આવકારી વિભાગની કામગીરી સંતોષપૂર્વક ચાલતી હોવાથી અભિનંદન આપ્યા અને આ પ્રકારનો tempo જાળવી રાખવા જણાવ્યું. ત્યારબાદ ડૉ.આર.એચ.ભટ્ટ દ્વારા તા.૧૧/૧૧/૨૦૧૪ ના રોજ યોજોલ વિભાગીય મીટીંગનો Action Taken Report રજૂ કરવામાં આવ્યો અને તે અંગેની કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવી.

૨.૧ અગાઉની મીટીંગના મુદા નં.૧.૧૧ અન્વયે નકકી કરવામાં આવ્યુ કે સત્ર દીઠ અનુસ્નાતક અભ્યાસાર્થી જે ઓપરેશનમાં હાજર હશે તે તકલીફને લગતા તંત્ર (system) માટેનું Power point presentation ફકત એક જ વાર કરવાનું રહેશે. વધુમાં એનેસ્થેટીક પ્રક્રિયાઓ માટે સત્ર દીઠ પાંચેક Presentation અલગ અલગ પ્રજાતિ પર આપવાના રહેશે. *(Action Taken : Dr.S.K.Jhala)*

૨.૨ અત્રેના વિભાગમાં તા.૦૬/૦૪/૨૦૧૫ ના રોજ યોજેલ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસાર્થીઓ સાથેની મીટીંગની કાર્યવાહી નોંધ વંચાણે લઈ દરેક મુદાને અનુરૂપ કામગીરીને શકય તેટલી વહેલી પૂરી કરવાનું નકકી થયું. *(Action Taken : HOD)*

૨.૩ વિભાગમાં નિભાવવામાં આવતા દરેક રજીસ્ટર / ફાઈલ / સાહિત્યનું લીસ્ટ બનાવી તેમને Proactive Disclosure સારૂ યોગ્ય રીતે વર્ગીકૃત કરવી અને નીભાવણી અંગે નિયમોનુસારની પધ્ધતિ અપનાવી જરૂરી નિકાલ કરવો. *(Action Taken : Dr.R.H.Bhatt, Shri D.R.Rana, Smt. Dipali Raval)*

૨.૪ વિભાગમાં ઉપલબ્ધ મેડીસીન રજીસ્ટર, કેમ્પ મેડીસીન રજીસ્ટર અને કેમ્પ એટેન્ડન્ટ રજીસ્ટરના ડીજીટલાઈઝેશન માટે ડૉ.ડી.એન.સુથાર, ડેડસ્ટોક રજીસ્ટર તથા વિભાગમાં ઉપલબ્ધ Instrument Logbook ના ડીજીટલાઈઝેશન માટે ડૉ.એસ.કે.ઝાલા અને વિભાગમાં કરવામાં આવતી શસ્ત્રક્રિયાનો રેકોર્ડ અને ખરીદી સંબંધિ તમામ માહિતીના ડીજીટલાઈઝેશન માટે ડૉ.આર.એચ.ભટ્ટ કામગીરી સંભાળશે. તમામ Data Entry માટે શ્રી ડી.આર.રાણા તથા શ્રીમતિ દિપાલી રાવલનો સહયોગ લેવામાં આવશે. *(Action Taken : Above mention faculties & staff members.)*

૨.૫ હાલમાં શસ્ત્રક્રિયા માટે જરૂરી સાધનોનો સેટ પી.જી. વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવે છે. પરંતુ, કેટલાક સમયે જેવા કે વેકેશન / પરીક્ષા વગેરે દરમ્યાન વિભાગમાં આ કામગીરી ખોરવાય ના જાય તે હેતુસર હવેથી શ્રીમતિ દિપાલી રાવલ પી.જી. વિદ્યાર્થીઓ સાથે સદર કામગીરી સંભાળશે. જેથી નિયમિત પણે સદરહું કામગીરી સુચારૂ પણે ચાલી શકે. આમ, શ્રીમતિ દિપાલી રાવલ દ્વારા સવારના સમયે કાયમી ધોરણે TVCC વિભાગમાં નમૂના ચકાસણીની ફરજને દરેક કલીનીકલ વિષયોના Laboratory Technician સાથે ક્રમાનુસાર ફેરબદલીમાં રાખવા માટેની રજુઆત કલીનીકલ વિષયોની સંયુકત મીટીંગના સમયે કરવાનું નકકી કરેલ. *(Action Taken : Smt. Dipali Raval)*

૨.૬ વિભાગમાં કરવામાં આવતી અગત્યની શસ્ત્રક્રિયાઓની ફોટોગ્રાફી કરવાની કામગીરી ડૉ.એસ.કે.ઝાલા અને ડૉ.ડી.એન.સુથાર પ્રાધ્યાપક અને વડાની જાણકારી હેઠળ સંભાળશે. જે અંગેનો રેકર્ડ સોફટ કોપીમાં વિભાગમાં રાખવામાં આવશે અને તેનો ઉપયોગ સમયાનુસાર શિક્ષણ, નિદર્શન, વિસ્તરણ વગેરે માટે કરવામાં આવશે. *(Action Taken : Dr.S.K.Jhala, Dr.D.N.Suthar)*

જા.નં.નકૃયુ/વીસીએન/સર્જરી/ ૧૬૭ /૧૫
તારીખ : ૧૬/૦૪/૨૦૧૫

પ્રાધ્યાપક અને વડા
સર્જરી અને રેડીયોલોજી વિભાગ
વેટરનરી કોલેજ, નકૃયુ, નવસારી

**નકલ રવાના :**

આચાર્યશ્રી, વેટરનરી કોલેજ, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ સારૂ

## :: કાર્યવાહી નોંધ ::

અત્રેના સર્જરી અને રેડીયોલોજી વિભાગ દ્વારા અપાતા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની શકય તેટલી ગુણવત્તા સુધારવા માટે અભ્યાસાર્થીઓ અને શિક્ષકો સમયાંતરે ચર્ચાઓ/મીટીંગો કરી જરૂરી પ્રતિસાદ અને નવીનતમ વિચારો મેળવતા હોય છે. જે અંતર્ગત તા.૦૬/૦૪/૨૦૧૫ ના રોજ ૧૪.૩૦ કલાકે સર્જરી વિભાગમાં અનુસ્નાતક કક્ષાના અભ્યાસાર્થીઓ સાથે એક મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં નીચે પ્રમાણેની હાજરી રહેલ હતી.

| અ.નં. | અધિકારીશ્રીઓના નામ | હોદો | સહી |
|---|---|---|---|
| (૧) | ડૉ.વી.એસ.ડબાસ | અધ્યક્ષ | |
| (૨) | ડૉ.આર.એચ.ભટ્ટ | સભ્ય | |

| અ.નં. | અભ્યાસાર્થીઓના નામ | સહી | અ.નં. | અભ્યાસાર્થીઓના નામ | સહી |
|---|---|---|---|---|---|
| (૧) | રાજવંતી કાન્તીયા | | (૫) | મનીષા પંડયા | |
| (૨) | શ્રધ્ધા ઘોશાલે | | (૬) | દીવ્યા ચૌધરી | |
| (૩) | કૃણાલ બદાણી | | (૭) | જીનેશ શાહ | |
| (૪) | નેહલ રાઠોડ | | (૮) | પ્રદીપ મેર | |

સદર બેઠકમાં ચર્ચાયેલા કેટલાક મુદાઓ પછી નીચે મુજબનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

(૧) સર્જરી વિભાગમાં વિભાગીય વાંચન કક્ષ (Departmental Library) શરૂ થાય તે માટે વ્યવસ્થા કરવામાં આવશે.

(૨) LRS ખાતે શકય હશે તો એક સત્રમાં કમ સે કમ એકવાર બિનચેપી રોગથી મૃત્યુ પામેલ પશુ પર પ્રાયોગિક શિક્ષણની વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

(૩) જો કોઈ PG/PhD અભ્યાસાર્થી પોતાના જ્ઞાનની વૃધ્ધિ સારૂ વિભાગમાં ચાલતા સ્નાતક કક્ષાના પ્રેકિટકલમાં બેસવા ઈચ્છે તો તેમને બેસવા દેવાનું નકકી થયેલ.

(૪) દરેક શિક્ષક દ્વારા સર્જરીના કોઈ પણ કોર્ષને લગતા મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ ગમે તે સમયે અભ્યાસાર્થીનો કોર્ષ હોય કે ન હોય પરંતુ તેમના સંપર્ક કરવાથી કરી આપવામાં આવશે.

સ્થળ : સર્જરી અને રેડિયોલોજી વિભાગ, વેટરનરી કોલેજ, ન.કૃ.યુ., નવસારી

જા.નં.નકૃયુ/વીસીએન/સર્જરી/ ૧૫૯ /૧૫
તારીખ : ૦૯/૦૪/૨૦૧૫

O/c પ્રાધ્યાપક અને વડા
સર્જરી અને રેડીયોલોજી વિભાગ
વેટરનરી કોલેજ, નકૃયુ, નવસારી

**નકલ રવાના :**

(૧) આચાર્યશ્રી, વેટરનરી કોલેજ, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ સારૂ

(૨) વિભાગના નોટીસ બોર્ડ પર અભ્યાસાર્થીઓની જાણ સારૂ

# :: કાર્યવાહી નોંધ ::

અત્રેના સર્જરી અને રેડીયોલોજી વિભાગ દ્વારા અપાતા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની શકય તેટલી ગુણવત્તા સુધારવા માટે અભ્યાસાર્થીઓ અને શિક્ષકો સમયાંતરે ચર્ચાઓ/મીટીંગો કરી જરૂરી પ્રતિસાદ અને નવીનતમ વિચારો મેળવતા હોય છે. જે અંતર્ગત તા.૦૬/૦૪/૨૦૧૫ ના રોજ ૧૪.૩૦ કલાકે સર્જરી વિભાગમાં અનુસ્નાતક કક્ષાના અભ્યાસાર્થીઓ સાથે એક મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં નીચે પ્રમાણેની હાજરી રહેલ હતી.

| અ.નં. | અધિકારીશ્રીઓના નામ | હોદો | સહી |
|---|---|---|---|
| (૧) | ડૉ.વી.એસ.ડબાસ | અધ્યક્ષ | |
| (૨) | ડૉ.આર.એચ.ભટ્ટ | સભ્ય | RHBhatt |

| અ.નં. | અભ્યાસાર્થીઓના નામ | સહી | અ.નં. | અભ્યાસાર્થીઓના નામ | સહી |
|---|---|---|---|---|---|
| (૧) | રાજવંતી કાન્તીયા | R.G.Kantia | (૫) | મનીષા પંડયા | |
| (૨) | શ્રધ્ધા ઘોશાલે | SGhosale | (૬) | દીવ્યા ચૌધરી | |
| (૩) | કૃણાલ બદાણી | | (૭) | જીનેશ શાહ | |
| (૪) | નેહલ રાઠોડ | | (૮) | પ્રદીપ મેર | |

સદર બેઠકમાં ચર્ચાયેલા કેટલાક મુદાઓ પછી નીચે મુજબનું સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

(૧) સર્જરી વિભાગમાં વિભાગીય વાંચન કક્ષ (Departmental Library) શરૂ થાય તે માટે વ્યવસ્થા કરવામાં આવશે.

(૨) LRS ખાતે શકય હશે તો એક સત્રમાં કમ સે કમ એકવાર બિનચેપી રોગથી મૃત્યુ પામેલ પશુ પર પ્રાયોગિક શિક્ષણની વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

(૩) જો કોઈ PG/PhD અભ્યાસાર્થી પોતાના જ્ઞાનની વૃધ્ધિ સારૂ વિભાગમાં ચાલતા સ્નાતક કક્ષાના પ્રેકિટકલમાં બેસવા ઈચ્છે તો તેમને બેસવા દેવાનું નકકી થયેલ.

(૪) દરેક શિક્ષક દ્વારા સર્જરીના કોઈ પણ કોર્ષને લગતા મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ ગમે તે સમયે અભ્યાસાર્થીનો કોર્ષ હોય કે ન હોય પરંતુ તેમના સંપર્ક કરવાથી કરી આપવામાં આવશે.

સ્થળ : સર્જરી અને રેડિયોલોજી વિભાગ, વેટરનરી કોલેજ, ન.કૃ.યુ., નવસારી

જા.નં.નકૃયુ/વીસીએન/સર્જરી/ ૧૫૯ /૧૫
તારીખ : ૦૯/૦૪/૨૦૧૫

O/C પ્રાધ્યાપક અને વડા
સર્જરી અને રેડીયોલોજી વિભાગ
વેટરનરી કોલેજ, નકૃયુ, નવસારી

**નકલ રવાના :**

(૧) આચાર્યશ્રી, વેટરનરી કોલેજ, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ સારૂ
(૨) વિભાગના નોટીસ બોર્ડ પર અભ્યાસાર્થીઓની જાણ સારૂ

Department of Veterinary Surgery & Radiology
College of Veterinary Science & A. H.
Navsari Agricultural University
Navsari – 396 450

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**Dr. V. S. Dabas**
**Professor**

**Phone :** (O) 02637-283499

**O. No. NAU/VCN/VSR/ 686 /15**

**Date: 18/12/2015**

## :: Circular ::

All the staff members involve in the regular duty in surgery department are hereby informed to look after cleanliness as well as arrangements and preparations for routine surgery as per the given schedule.

| | | |
|---|---|---|
| 01/01/2016 – 31/01/2016 | : | Dr. D. N. Suthar |
| 01/02/2016 – 29/02/2016 | : | Dr. S. K. Jhala |
| 01/03/2016 – 31/03/2016 | : | Dr. S. K. Tyagi |
| 01/04/2016 – 30/04/2016 | : | Dr. R. H. Bhatt |
| 01/05/2016 – 31/05/2016 | : | Dr. D. N. Suthar |
| 01/06/2016 – 30/06/2016 | : | Dr. S. K. Jhala |

**Professor & Head**

## Department of Veterinary Surgery and Radiology
## College of Veterinary Science & A. H.
## Navsari Agricultural University, Navsari – 396 450.

**Duty Schedule**

| Date | OPD | Ambulatory | Surgeon | Anaesthesiologist |
|---|---|---|---|---|
| 02.11.15 – 07.11.15 | Dr. Jhala | -- | Dr. Tyagi | Dr. Suthar |
| 16.11.15 – 21.11.15 | Dr. Bhatt | -- | Dr. Dabas | Dr. Jhala |
| 23.11.15 – 28.11.15 | Dr. Dabas | Dr. Bhatt | Dr. Jhala | Dr. Tyagi |
| 30.11.15 – 05.12.15 | Dr. Jhala | -- | Dr. Tyagi | Dr. Dabas |
| 07.12.15 – 12.12.15 | Dr. Suthar | -- | Dr. Jhala | Dr. Tyagi |
| 14.12.15 – 19.12.15 | Dr. Tyagi | -- | Dr. Dabas | Dr. Suthar |
| 21.12.15 – 26.12.15 | Dr. Mistry | -- | Dr. Suthar | Dr. Bhatt |
| 28.12.15 – 02.01.16 | Dr. Jhala | Dr. Tyagi | Dr. Bhatt | Dr. Dabas |
| 04.01.16 – 09.01.16 | Dr. Bhatt | -- | Dr. Jhala | Dr. Suthar |
| 11.01.16 – 16.01.16 | Dr. Tyagi | -- | Dr. Suthar | Dr. Jhala |
| 18.01.16 – 23.01.16 | Dr. Suthar | -- | Dr. Tyagi | Dr. Dabas |
| 25.01.16 – 30.01.16 | Dr. Dabas | Dr. Jhala | Dr. Bhatt | Dr. Suthar |
| 01.02.16 – 06.02.16 | Dr. Bhatt | -- | Dr. Dabas | Dr. Tyagi |
| 08.02.16 – 13.02.16 | Dr. Mistry | Dr. Suthar | Dr. Bhatt | Dr. Jhala |
| 15.02.16 – 20.02.16 | Dr. Tyagi | -- | Dr. Suthar | Dr. Bhatt |
| 22.02.16 – 27.02.16 | Dr. Suthar | -- | Dr. Jhala | Dr. Bhatt |

**Outward No. NAU/VCN/VSR/** 597 **/ 2015**

**Dt. 29.10.2015`**

**Professor & Head**

**Copy to:** All Concerns

**Department of Veterinary Surgery & Radiology**
**Vanbandhu College of Veterinary Science & A. H.**
**Navsari Agricultural University**
**Navsari – 396 450**

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**Dr. V. S. Dabas**
**Professor**

**Phone :** (O) 02637-283499

**O. No. NAU/VCN/VSR/ 422 /15** **Date: 11/08/2015**

# Circular

All P.G. and Ph.D. students having major/minor subject of Veterinary Surgery & Radiology are hereby informed that following courses will be offered by this department during present semester starting from 01-08-2015. It is instructed to submit the course cards personally in three copies to PGTC and one copy each to the concerned teacher and seminar in-charge if seminar is registered in this semester.

| Sr. No. | Course No. | Title of courses | Credit | Name of faculty |
|---|---|---|---|---|
| 1. | VSR 603 | Clinical practice – II | 0+3=3 | Dr. V. S. Dabas |
| 2. | VSR 607 | Veterinary ophthalmology and dentistry | 1+1=2 | Dr. S. K. Jhala |
| 3. | VSR 608 | Small animal soft tissue surgery | 2+1=3 | Dr. N. H. Kelawala |
| 4. | VSR 609 | Large animal soft tissue surgery | 2+1=3 | Dr. S. R. Chaudhari |
| 5. | VSR 704 | Anaesthesia of wild and laboratory animals | 1+1=2 | Dr. J. N. Mistry |

**Professor & Head**

**Copies forwarded through E-mail to:**

- PGTC for information.
- HOD of clinical departments.
- Concerned faculties for needful action.

**Copy to :**

- Notice board for all concerned students.

**Department of Veterinary Surgery & Radiology**
**Vanbandhu College of Veterinary Science & A. H.**
**Navsari Agricultural University**
**Navsari – 396 450**

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**Dr. V. S. Dabas**
**Professor**

**Phone :** (O) 02637-283499

**O. No. NAU/VCN/VSR/ 408 /15** **Date: 05/08/2015**

# :: Circular ::

All the staff members involve in the regular duty in surgery department are hereby informed to look after cleanliness as well as arrangements and preparations for routine surgery as per the given schedule.

| | | |
|---|---|---|
| 01/07/2015 – 31/07/2015 | : | Dr. S. K. Jhala |
| 01/08/2015 – 31/08/2015 | : | Dr. R. H. Bhatt |
| 01/09/2015 – 30/09/2015 | : | Dr. D. N. Suthar |
| 01/10/2015 – 31/10/2015 | : | Dr. S. K. Jhala |
| 01/11/2015 – 30/11/2015 | : | Dr. S. K. Tyagi |
| 01/12/2015 – 31/12/2015 | : | Dr. R. H. Bhatt |

**Professor & Head**

**Read : Minutes No.NAU/VCN/VSR/343-44/14 dated:15/11/2014**

## :: Circular::

All the post-graduate and Ph.D. Students are hereby informed to work out their practical/hands on training as per below given groups and schedule.

| | | |
|---|---|---|
| Group – I | : | Jinesh Shah - Divya Chaudhari |
| Group – II | : | Manisha Pandya - Pradip Mer |
| Group – III | : | Rajvanti Kantia - Hiren Oza |

| Sr. No. | Period (From – To) | OPD section | OT management and surgery procedures | Anaesthetic procedures, Pre & post operative preparations & care |
|---|---|---|---|---|
| 1) | 10/08/15 – 14/08/15 | Group – I | Group – II | Group – III |
| 2) | 17/08/15 – 21/08/15 | Group – II | Group – III | Group – I |
| 3) | 24/08/15 – 28/08/15 | Group – III | Group – I | Group – II |
| 4) | 31/08/15 – 04/09/15 | Group – I | Group – II | Group – III |
| 5) | 07/09/15 – 11/09/15 | Group – II | Group – III | Group – I |
| 6) | 14/09/15 – 19/09/15 | Group – III | Group – I | Group – II |
| 7) | 21/09/15 – 24/09/15 | Group – I | Group – II | Group – III |
| 8) | 28/09/15 – 03/10/15 | Group – II | Group – III | Group – I |
| 9) | 05/10/15 – 09/10/15 | Group – III | Group – I | Group – II |
| 10) | 12/10/15 – 17/10/15 | Group – I | Group – II | Group – III |
| 11) | 19/10/15 – 23/10/15 | Group – II | Group – III | Group – I |
| 12) | 26/10/15 – 30/10/15 | Group – III | Group – I | Group – II |
| 13) | 02/11/15 – 07/11/15 | Group – I | Group – II | Group – III |
| 14) | 09/11/15 – 13/11/15 | Group – II | Group – III | Group – I |
| 15) | 16/11/15 – 21/11/15 | Group – III | Group – I | Group – II |
| 16) | 23/11/15 –27/11/15 | Group – I | Group – II | Group – III |
| 17) | 30/11/15 – 05/12/15 | Group – II | Group – III | Group – I |
| 18) | 07/12/15 –11/12/15 | Group – III | Group – I | Group – II |
| 19) | 14/12/15 –19/12/15 | Group – I | Group – II | Group – III |
| 20) | 21/12/15 –25/12/15 | Group – II | Group – III | Group – I |
| 21) | 28/12/15 –02/01/15 | Group – III | Group – I | Group – II |

**Note :** Senior PGs and Ph.D. students will assist the duty surgeon on daily rotational basis beside their regular workings.

**O. No. NAU/VCN/VSR/ 407 /2015**
**Date : 05/08/2015**

**Professor & Head**
**Dept. of Vety. Surgery & Radiology**
**College of Veterinary Science & A.H.**
**Navsari Agricultural University, Navsari**

**Copy to:**
All concerns for n/a and departmental notice board.

# Department of Veterinary Surgery & Radiology
# Vanbandhu Veterinary College
# Navsari Agricultural University
# Navsari – 396 450

## DUTY SCHEDULE

| Date | OPD | Ambulatory | Surgeon | Anesthesiologist |
|---|---|---|---|---|
| 01 - 06 June | Dr. Bhatt | - | Dr. Suthar | Dr. Jhala |
| 08 – 13 June | Dr. Suthar | - | Dr. Dabas | Dr. Bhatt |
| 15 – 20 June | Dr. Dabas | Dr. Jhala | Dr. Bhatt | Dr. Suthar |
| 22 – 27 June | Dr. Jhala | - | Dr. Suthar | Dr. Dabas |
| 29 June – 04 July | Dr. Bhatt | - | Dr. Jhala | Dr. Suthar |
| 06 – 11 July | Dr. Suthar | - | Dr. Bhatt | Dr. Dabas |
| 13 -18 July | Dr. Dabas | - | Dr. Suthar | Dr. Jhala |
| 20 – 25 July | Dr. Jhala | Dr. Suthar | Dr. Dabas | Dr. Bhatt |
| 27 July – 1 Aug | Dr. Bhatt | - | Dr. Jhala | Dr. Suthar |
| 03 – 08 Aug | Dr. Suthar | Dr. Bhatt | Dr. Jhala | Dr. Dabas |
| 10 – 15 Aug | Dr. Dabas | - | Dr. Bhatt | Dr. Jhala |
| 17 – 22 Aug | Dr. Jhala | - | Dr. Suthar | Dr. Bhatt |
| 24 – 29 Aug | Dr. Bhatt | - | Dr. Dabas | Dr. Suthar |
| 31 Aug – 5 Sept | Dr. Suthar | Dr. Jhala | Dr. Bhatt | Dr. Dabas |
| 07 – 12 Sept | Dr. Dabas | - | Dr. Jhala | Dr. Suthar |
| 14 – 19 Sept | Dr. Mistry | - | Dr. Suthar | Dr. Bhatt |
| 21 – 26 Sept | Dr. Jhala | - | Dr. Dabas | Dr. Bhatt |
| 28 Sept – 3 Oct | Dr. Bhatt | Dr. Suthar | Dr. Jhala | Dr. Dabas |
| 05 – 10 Oct | Dr. Suthar | - | Dr. Bhatt | Dr. Jhala |
| 12 – 17 Oct | Dr. Dabas | - | Dr. Suthar | Dr. Bhatt |
| 19 – 24 Oct | Dr. Tyagi | - | Dr. Dabas | Dr. Jhala |
| 26 – 31 Oct | Dr. Mistry | Dr. Bhatt | Dr. Jhala | Dr. Dabas |

Outward No.NAU/VCN/VSR/251/15

Date :22/05/2015

**Professor & Head**

**Copy to: All concerns**

# :: કાર્યવાહી નોંધ ::

તા.૧૧/૧૧/૨૦૧૪ ના રોજ બપોરે ૩.૦૦ કલાકે સર્જરી અને રેડિયોલોજી વિભાગની મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

બેઠકમાં નીચેના સભ્યોએ હાજરી આપેલી.

| | | | |
|---|---|---|---|
| (૧) | ડૉ. વી. એસ. ડબાસ | પ્રાધ્યાપક અને વડા | અધ્યક્ષ |
| (૨) | ડૉ. ડી. એન. સુથાર | મદદનીશ પ્રાધ્યાપક | સભ્ય |
| (૩) | ડૉ. એસ. કે. ઝાલા | મદદનીશ પ્રાધ્યાપક | સભ્ય |
| (૪) | ડૉ. આર. એચ. ભટ્ટ | મદદનીશ પ્રાધ્યાપક | સભ્ય |

Minimum Std. of VCI – 2008 ના રેગ્યુલેશન પ્રમાણે કરવાની થતી કામગીરી, વિભાગીય વિકાસ, Smooth functioning, પારદર્શક વહીવટ, UG/PG ટીચીંગ વગેરેને ધ્યાને રાખી નીચેના મુદાઓ ચર્ચા–વિચારણા કરી સર્વ સંમતિથી પસાર કરેલા અને તે મુજબની કાર્યવાહી કરવાનું નકકી થયેલ.

(૧) VCI curriculum મુજબ સ્નાતક અભ્યાસક્રમના સર્જરીના દરેક કોર્સના થીયરી અને પ્રેકિટકલને ક્રેડિટ પ્રમાણે થતા લેકચર/પ્રેકટીલમાં વહેંચણી કરી PowerPoint presentation બનાવાશે. જેનો ઉપયોગ Teaching Aids/material તરીકે કરવાનો હોવાથી શકય તેટલા જાતે સમજી શકાય તેવા ચિત્રો, ગ્રાફસ, સ્કેચ વગેરેનો ઉપયોગ કરવો ઉપરાંત શકય હોય તેટલા Models પણ બનાવવા. જયાં મોડેલ બનાવવા શકય ન હોય ત્યાં વ્યવસ્થિત ચાર્ટ બનાવવા. ડૉ.ડી.એન.સુથાર, ડૉ.એસ.કે.ઝાલા અને ડૉ.આર.એચ.ભટ્ટ અનુક્રમે ૭ માં, ૮ માં અને ૯ માં સેમેસ્ટરના વિષયોને લગતા પ્રેઝન્ટેશન ડૉ.વી.એસ.ડબાસના માર્ગદર્શન હેઠળ બનાવશે.

(૨) અનુસ્નાતક વિદ્યાર્થીઓએ તેમના ક્રેડીટ સેમીનાર આપતા પહેલા વિભાગમાં વારંવારના વ્યવસ્થિત રીહર્સલ કરવાના રહેશે. જેમાં અપાયેલ સૂચનોને સેમીનારમાં ફરજીત ઉમેરવાના રહેશે અને પૂરતી તૈયારી બાદ જ સેમીનાર આપવાનો રહેશે.

(૩) કોલેજનું ટીચીંગ વેટરનરી કલીનીકલ કોમ્પ્લેક્ષ એક રેફરલ કલીનીકસ હોવાથી વિષય નિષ્ણાંતો દ્વારા જ સારવાર થવી જોઈએ તેમજ VCI Regulation માં જણાવેલ છે તે બાબતને પણ ધ્યાનમાં રાખી અને નિષ્ણાંત શિક્ષકો દ્વારા જ અભ્યાસાર્થીઓને જે તે કેસની પશુ સારવારની સંપૂર્ણ સમજ આપી શકાય તે હેતું ને સિધ્ધ કરવા સાથે–સાથે ભવિષ્યમાં કોઈ લીગલ પ્રશ્ન ઉપસ્થિત ન થાય તેની કાળજી સ્વરૂપે સર્જરી વિભાગના નિષ્ણાતો/શિક્ષકોએ માત્ર સર્જરીને લગતા કેસોની જ સારવાર કરવાની રહેશે.

(૪) TVCC ખાતે રજીસ્ટર થતા કેસોની નોંધણી ફી તથા અન્ય જરૂરી ફી લેવાનુ ચાલુ કરવા માટે અગાઉ નકકી થયેલ હોવા છતાં કોઈ જ કાર્યવાહી ન થયેલ હોવાથી તે અંગે તાત્કાલિક ઘટતી કાર્યવાહી કરવા પ્રાધ્યાપક અને વડા TVCC ને ધ્યાને લાવવાનું નકકી થયેલ.

(૫) વિભાગમાં ખરીદ કરેલ સાધનોમાંના બિન–વપરાશયુકત સાધનો કે જે કેટલાક કારણોસર ઉપયોગમાં નથી લઈ શકાતા તેટલા સાધનોને ઉપયોગમાં લેવાય તે માટેની જરૂરી કાર્યવાહી શરૂ કરવી, તેવુ નકકી કરવામાં આવ્યુ.

(૬) વિભાગમાં Telephonic Inventory Register નિભાવવાનુ અને ટેલીફોન/મોબાઈલ દ્વારા જે–તે શિક્ષકે જે કોઈની સાથે નિષ્ણાંત સર્વિસીઝની લે–આપ કરેલ હોય તેની વિગતવાર નોંધ નિયમિત પણે સદર રજીસ્ટરમાં ફરજીયાત કરવાનું નકકી થયેલ.

(૭) વિભાગના શિક્ષકો દ્વારા કરાતી કોઈપણ Official Tour ની ટુંકી નોંધ Miscellaneous Activity Register માં ફરજીયાત કરવાની રહેશે.

(૮) વિભાગમાં ચાલતી દરેક કામગીરી/બાબતની લાગતા–વળગતા દરેકે જાણ કરવાની રહેશે.

(૯) વિભાગમાં કર્મચારીઓ–વિદ્યાર્થીઓ, કર્મચારીઓ–કર્મચારીઓ અને કર્મચારી/વિદ્યાર્થીઓ–પશુમાલિકો વચ્ચે બનેલ કોઈ પણ ઘટના/બનાવ અંગેનું રોજકામ તાત્કાલિક કરવાનું રહેશે. પરંતુ જો કોઈ એવો કોઈ બનાવ/ઘટના સંપૂર્ણ માસ દરમ્યાન ન બનેલ હોય તો દરેક માસના અંતે કોઈ બનાવ બનેલ નથી તેવી બાબતનું રોજકામ વિભાગના શિક્ષકો દ્વારા ફરજીયાત કરવાનુ નકકી કરવામાં આવ્યું.

(૧૦) OPD માં જે સર્જન ફરજ ઉપર હશે તે ફકત OPD ને લગતા સર્જરીના કેસોને ડીસ્પોઝ કરવાની કામગીરી કરશે. જયારે ઓપરેશનો સર્જરી વિભાગમાં તૈયાર થયેલ Duty Schedule મુજબ પ્રથમ સર્જન અને દ્વિતીય વર્ષના અનુસ્નાતક અભ્યાસાર્થી અથવા પ્રથમ સર્જન, દ્વિતીય સર્જન અને અનુસ્નાતક અભ્યાસાર્થીઓને સાથે રાખીને કરવાનું નકકી કરવામાં આવ્યું.

(૧૧) TVCC અથવા સર્જરી વિભાગમાં થતી દરેક સર્જરીમાં ઓછામાં ઓછા એક અનુસ્નાતક અભ્યાસાર્થીનું Active involvement (પ્રત્યક્ષ પદાર્પણ) રાખવુ તથા ત્યારબાદ તે કેસને લગતી તમામ માહિતી Standard Textbook માંથી લખીને અભ્યાસાર્થીએ લાવવાની રહેશે. એ જ રીતે એનેસ્થેશીયામાં સંલગ્ન અભ્યાસાર્થી તેને લગતી દરેક માહિતી ભેગી કરી લખીને લાવશે. બીજા દિવસે અનુસ્નાતક કક્ષાના સૌ અભ્યાસાર્થીઓ તથા શિક્ષક સાથે મળી તે કેસની વિગતે ચર્ચા કરશે અને મુંઝવતા પ્રશ્નોનો ઉકેલ લાવશે.

(૧૨) પશુ સંશોધન કેન્દ્રના સંશોધન વૈજ્ઞાનિકની સંમતિથી કુદરતી મૃત્યુ અથવા Infectious disease વગર મૃત્યુ પામેલ પ્રાણીઓના શરીર ઉપર પોસ્ટ–મોર્ટમ થયા બાદ Hands on Training માટે UG/PG વિદ્યાર્થીઓને તાલીમ આપવા માટે શકય હશે તો વ્યવસ્થા કરવામાં આવશે.

(૧૩) દરેક વ્યવસ્થાપણને સૂચારૂપણે જાળવી રાખવા તેમજ નવા કોઈ આયોજન માટે દર ત્રણ માસે વિભાગમાં રીવ્યુ મીટીંગ રાખવાનું નકકી કરવામાં આવ્યું.

જા.નં.નકૃયુ/વીસીએન/સર્જરી/ ૩૪૩–૪૪ /૧૪
તારીખ : ૧૫/૧૧/૨૦૧૪

O/C

પ્રાધ્યાપક અને વડા
સર્જરી અને રેડીયોલોજી વિભાગ
વેટરનરી કોલેજ, નકૃયુ, નવસારી

**<u>નકલ રવાના :</u>**

(૧) આચાર્યશ્રી, વેટરનરી કોલેજ, નકૃયુ, નવસારી જાણ સારૂ.
(૨) પ્રાધ્યાપક અને વડા, ટીવીસીસી વિભાગ, વેટરનરી કોલેજ, નકૃયુ, નવસારી જાણ તેમજ ઘટતું થવા સારૂ.

## :: CIRCULAR ::

All assistant professors implicated to the regular operative responsibilities in the department of Veterinary Surgery & Radiology are hereby informed to watch over all the arrangements for routine surgical protocols and the cleanliness of operation related blocks in the department as per the given schedule.

| Sr. No. | Period (From - To) | | Name of the faculty |
|---|---|---|---|
| 1. | 01/12/2014 – 31/12/2014 | : | Dr. S. K. Jhala |
| 2. | 01/01/2015 – 31/01/2015 | : | Dr. S. K. Tyagi (Through HOD, TVCC) |
| 3. | 01/02/2015 – 28/02/2015 | : | Dr. R. H. Bhatt |
| 4. | 01/03/2015 – 31/03/2015 | : | Dr. D. N. Suthar |
| 5. | 01/04/2015 – 31/04/2015 | : | Dr. S. K. Jhala |
| 6. | 01/05/2015 – 31/05/2015 | : | Dr. R. H. Bhatt |
| 7. | 01/06/2015 – 31/06/2015 | : | Dr. D. N. Suthar |

**O. No. NAU/VCN/VSR/373/14**
**Date: 01/12/2014**

**Professor & Head**
**Dept. of Vety. Surgery & Radiology**
**College of Veterinary Science & A. H.**
**Navsari Agricultural University, Navsari**

**Copy to:**
**All concerns for n/a and departmental notice board**

Department of Veterinary Surgery & Radiology
Vanbandhu College of Veterinary Science & A. H.
Navsari Agricultural University
Navsari – 396 450

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**Dr. V. S. Dabas**
**Professor**

**Phone :** (O) 02637-283499

**O. No. NAU/VCN/VSR/ 372 /14** **Date: 01/12/2014**

# :: OFFICE ORDER ::

All members are informed herewith to work as per the duties assigned against their name in the below given schedule. These arrangements are for favor of smooth functioning of the departmental activities till further orders.

**Dr. V. S. Dabas** :
- Departmental administration, management, planning, co-ordination, guidance, monitoring etc. of all activities.

**Dr. S. K. Jhala** :
- In charge of all dead-stocks and their proper maintenance.
- Care and maintenance of TLD Cards
- UG & PG academic workings.

**Dr. D. N. Suthar** :
- In charge of all consumables and their proper record keeping
- Maintenance of all sort of medicines, anaesthetics and treatment related items etc.
- Take care of all miscellaneous activities *viz.,* camps, field visits etc.

**Dr. R. H. Bhatt** :
- All work pertained to purchase of dead-stock and consumable items.
- Preparation of reports, periodicals, information etc.

**Smt. D. M. Raval** :
- Assistance in maintenance of medicines, anaesthetics, treatment related items and consumables etc.
- Laboratory work for UG & PG teaching, departmental research etc.

**Shri. D. R. Rana** :
- Assistance in departmental working, typing and maintenance of all departmental registers, files and records etc.

O/c
Rana

**Professor & Head**

**Copy to:**
1. Principal, Veterinary College, NAU, Navsari for information.
2. All Concern staff members for n/a.